# કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશનનો આઝાદી અમૃતોત્સવ




કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા આઝાદીના અમૃતોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ભટાર રોડ પર કેપી હાઉસ અને અડાજણ ફિરદોષ ટાવરમાં વૃદ્ધાશ્રમમાંથી ૯૫ વર્ષીય સાવિત્રીબેન દેસાઈ તથા ૯૧ વર્ષીય ઠાકોરભાઈ કટલરીવાળાના હસ્તે ધ્વજારોહણ કરાયું હતું.

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક
ગુજરાત ટુડે
GUJARAT TODAY (Daily) તા. ૧૮-૮-૨૦૨૧ બુધવાર
AHMEDABAD
SINCE-1991

# સુરતમાં કેપી ગ્રુપે વૃદ્ધો પાસેથી ધ્વજવંદન કરાવડાવી ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડ્યું

સુરત, તા.૧૭

કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન (કેપી ગ્રુપ) દ્વારા ભટાર રોડ પર કેપી હાઉસ અને અડાજણ ફિરદોશ ટાવર પાસે આઝાદીના અમૃતોત્સવની ઉજવણી કરતાં ધ્વજારોહણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અતિથી વિશેષપદે શહેરના વૃદ્ધાશ્રમમાંથી અનુક્રમે ૭૫ વર્ષીય સાવિત્રીબેન રમેશચંદ્ર દેસાઈ ઉર્ફે શબાનાબાનું અને ૭૧ વર્ષીય ઠાકોરભાઈ જમનાદાસ કટલરીવાળાએ ધ્વજારોહણ કર્યું હતું. બંને અતિથિઓએ આઝાદીકાળ દરમિયાનના તેમના અનુભવોના સંભારણા રજૂ કર્યા હતા. પાલ સ્થિત મોઢેશ્વરી વૃદ્ધાશ્રમથી ૩૦ જેટલા સિનિયર સિટિઝનોએ વિશેષરૂપે આઝાદીના ૭૫મા વર્ષની ઉજવણીમાં ભાગ લીધો હતો.




(તસવીર : મુસદીક કાનૂગો, સુરત)

કેપી ગ્રુપના ચેરમેન ફારૂકભાઈ પટેલે આઝાદીનો આ ઉત્સવ સદીઓ સુધી આ જ રીતે ઉજવાયા કરે અને આપણો દેશ વિશ્વમાં નામના પામે તેવી પ્રાર્થના કરી હતી. ધ્વજવંદન સાથે બાળકોની વિવિધ સ્પર્ધાઓ પણ યોજવામાં આવી હતી. જેમાં વિજેતા બાળકોને ઈનામ અપાયા હતા. સામાજિક આગેવાનો તેમજ સ્થાનિક રહીશો, કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ કોરોનાની ગાઈડલાઈન સાથે ઉજવાયો હતો.




**કેપી હ્યુમન ફાઇન્ડેશન :** કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન (કેપી ગ્રુપ) દ્વારા ભટાર રોડ કેપી હાઉસ અને અડાજણ ફિરદોષ ટાવર પાસે આઝાદીના અમૃતોત્સવની ઉજવણી કરતા ધ્વજરોહણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અતિથિ વિશેષપદે શહેરના વૃદ્ધાશ્રમમાંથી ૯૫ વર્ષિય સાવિત્રીબેન રમેશચંદ્ર દેસાઇ ઉર્ફે શબાનાબાનું અને ૯૧ વર્ષિય ઠાકોરભાઇ જમનાદાસ કટલરીવાળાએ ધ્વજારોહણ કર્યુ હતું. બંને અતિથિઓએ આઝાદીકાળ દરમિયાન તેમના અનુભવોના સંભારણ રજૂ કર્યા હતા. પાલ સ્થિત મોઢેશ્વરી વૃદ્ધાશ્રમની ૩૦ જેટલા સિનિયર સિટિઝનોએ વિશેષરૂપે આઝાદીના ૭૫માં વર્ષની ઉજવણીમાં ભાગ લીધો હતો. કેપી ગ્રુપના ચેરમેન ફારુકભાઇ પટેલે આઝાદીનો આ ઉત્સવ સદીઓ સુધી આ જ રીતે ઉજવાયા કરે આપણો દેશ વિશ્વમાં નામના પામે તેવી પ્રાર્થના કરી હતી. સાથોસાથ રાષ્ટ્રગાન ગાવા સાથે આખો માહોલ ભક્તિમય બનાવ્યો હતો. ધ્વજવંદન સાથે બાળકોની વિવિધ સ્પાર્ધાઓ પણ યોજવામાં આવી હતી. જેમાં વિજેતા બાળકોને ઇનામ અપાયા હતા. સામાજિક આગેવાનો તેમજ સ્થાનિક રહીશો, કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ કોરોનાની ગાઇડલાઇન સાથે ઉજવાયો હતો.

કરાઇ
કુલવિં
સીઆઇ
હતી
સેનાની
કે જેઓ
પોતાન
હતું. તે
તેમના
દિવસ
હતી.
ક્વાસ
સહાય
મેરિયો



કૃભકો
સલામ
ધ્વજ

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત

મંગળવાર ૧૭ ઓગસ્ટ, ૨૦૨૧

## સંક્ષિપ્ત સમાચાર

# કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા વૃદ્ધો પાસે ધ્વજવંદન કરાવી ઉજવણી કરાઈ




સુરતઃ કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન (કેપી ગ્રુપ) દ્વારા ભટાર રોડ, કેપી હાઉસ અને અડાજણ ફિરદોષ ટાવર પાસે આઝાદીના અમૃતોત્સવમાં ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અતિથિવિશેષપદે વૃદ્ધાશ્રમમાંથી 95 વર્ષિય સાવિત્રીબેન રમેશચંદ્ર દેસાઈ ઉર્ફે શબાનાબાનુ અને 91 વર્ષિય ઠાકોરભાઈ જમનાદાસ કટલરીવાળાએ ધ્વજવંદન કરાવ્યું હતું. પાલ સ્થિત મોઢેશ્વરી વૃદ્ધાશ્રમમાંથી 30 જેટલા સિનિયર સિટિઝનો દ્વારા આ ઉજવણીમાં ભાગ લેવામાં આવ્યો હતો. કેપી ગ્રુપના ચેરમેન ફારૂક પટેલે આઝાદીનો આવો ઉત્સવ સદીઓ સુધી ઉજવાય તેવી પ્રાર્થના કરી હતી. વિવિધ સ્પર્ધા સાથે વિજેતા બાળકોને ઈનામ અપાયા હતા.

દિવ્ય ભાસ્કર
નિષ્પક્ષ, વિશ્વસનીય, વિશ્વસ્તરીય
કુલ પાનાં 16 + 12 (મધુરિમા) = 28
તમારી મરજીનું અખબાર
કિંમત ₹ 4.00, વર્ષ 18, અંક 141, મહાનગર

# સ્વતંત્રતા દિવસ : પાલ ખાતે 321 ફૂટ ઊંચે તિરંગો લહેરાયો રક્તદાન શિબિર સહિતના આયોજન કરી ઉજવણી કરાઇ

સુરત : 15મી ઓગસ્ટે શહેરમાં 75માં સ્વતંત્રતા દિવસની ધૂમધામથી ઉજવણી કરવામાં આવી હતી. દરમિયાન પાલમાં ચાલી રહેલી એક કન્સ્ટ્રક્શન સાઈટ પર 321 ફૂટની ઉંચાઈએ રાષ્ટ્રધ્વજ ફરકાવી દેશ માટે શહીદી વહોરી લેનાર વીર જવાનોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. એ સાથે જ શહેરની વિવિધ સોસાયટીઓ, સ્કૂલો, સંસ્થાઓ તેમજ સરકારી કચેરીઓ ખાતે પણ સ્વતંત્રતા દિવસની ભવ્ય ઉજવણી કરાઈ હતી. કેટલાક લોકોએ સાફ-સફાઈ કરીને, ઘણાએ ગાયોની સેવા કરીને તો કેટલાક લોકોએ બ્લડ ડોનેશન કેમ્પ યોજીને આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરી હતી.

